સુરત મહાનગરપાલિકા

જાહેરનામું

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઇરસના સંક્રમણને ધ્યાને લેતા ઇસ્ટ ઝોન-એ (વરાછા), સાઉથ ઝોન (ઉધના) અને વેસ્ટ ઝોન (રાંદેર)ના કેટલાક વિસ્તારમાં સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવુ જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરોના વાયરસ COVID-19નું સંક્રમણ ફેલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી હું બંછાનિધિ પાની,IAS, કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજ્ય એપેડેમીક ડીઝીસ એકટ-૧૮૯૭ ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date:-20/03/2020ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ ઇસ્ટ ઝોન-એ(વરાછા)ના કાપોદ્રા સ્લમ વિસ્તારમાં આવેલા (૧) કૃષ્ણનગર, દીનદયાળનગર અને શ્રીરામનગરમાં આવેલ ૩૦૦૬ ઘરમાં રહેતા ૧૩૨૮૧ લોકો (૨) વેસ્ટ ઝોન (રાંદેર)માં આવેલ ઊગત સાઈટ એન્ડ સર્વિસ સ્કીમ, જહાંગીરાબાદ વિસ્તારમાં ૭૨૯ ઘરમાં રહેતા ૪૦૦૦ લોકોને **CLUSTER** તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ કવોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./૨૬/૨૦૨૦-૨૧

તા.૧૭/૦૪/૨૦૨૦

કમિશ્નર

સુરત મહાનગરપાલિકા